સામાજીક શૈક્ષણિક પછાતવર્ગની યાદી
ક્રમાંકઃ૯૪ ઉપર જણાવેલ 'ગવલી'જાતિને રદ
કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
**ઠરાવ ક્રમાંકઃસશપ–૧૧૯૪–૧૪૧૧–અ**
સચિવાલય, ગાંધીનગર
**તારીખ :– ૪/૨/૨૦૦૯**

**વંચાણે લીધાઃ–**

(૧) મજૂર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧/૪/૭૮ ના ઠરાવ ક્રમાંકઃબીસીઆર–૧૦૭૮–૧૩૭૩૪–હ

(૨) સમાજ કલ્યાણ વિભાગના તા.૨૫–૭–૯૪ ના ઠરાવ ક્રમાંકઃસશપ–૧૧૯૪–૧૪૧૧–અ

(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૬/૬/૦૫ ના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૪૦૨/૧૪૪૪/અ

(૪) નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતાના તા.૧૬/૯/૦૮ ના પત્ર ક્રમાંકઃવિજાક/જન/૦૮–૦૯/૪૯૬૭

**પ્રસ્તાવનાઃ–**

વંચાણે લીધેલ ક્રમાંકઃ (૧) ના ઠરાવથી બક્ષીકમિશનના અહેવાલના આધારે રાજ્યની સામાજીક શૈક્ષણિક પછાત વર્ગની કુલ–૮૨ જાતિઓની યાદી બહાર પાડવામાં આવેલ જેના ક્રમાંકઃ ૪૭ પર **ગવલી (હિન્દુ)** જાતિનો સમાવેશ કરવામાં આવેલ. માંડલ પંચે ગુજરાત રાજ્ય માટે જાહેર કરેલ અન્ય પછાત વર્ગોની યાદી તથા જુના સૌરાષ્ટ્ર રાજ્ય વખતે પરિક્ષિત લાલ મજમુદાર ના અધ્યક્ષપણા હેઠળ રચાયેલી સમિતિ ધ્વારા જાહેર થયેલ અન્ય પછાત વર્ગોની જે જાતિઓનો એકયા બીજા કારણસર મજુર, સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક ૧ ના ઠરાવમાં સમાવેશ કરવામાં આવેલ ન હતો, તેવી જાતિઓનો વંચાણે લીધેલ ક્રમાંકઃ૨ પરના ઠરાવથી રાજ્યના સામાજીક શૈક્ષણિક પછાત વર્ગની યાદીમાં ક્રમાંકઃ૮૩ થી ૧૨૧ પર

 ⟹

ઉમેરો કરવામાં આવેલ જેના ક્રમાંકઃ૯૪ પર **ગવલી** જાતિનો સમાવેશ કરવામાં આવેલ હતો,સરકારશ્રીના નિર્ણય મુજબ બક્ષીપંચ ધ્વારા જાહેર થયેલી અને ક્રમાંકઃ૧ પરના ઠરાવમાં સમાવિષ્ટ ન થતી આવી જાતિઓનો સમાવેશ કરવાનો થતો હતો આમુખમાં દર્શાવેલ ક્રમાંકઃ૧ પર દર્શાવેલ ઠરાવમાં જ્યારે ક્રમાંકઃ૪૭ પર **ગવલી(હિન્દુ)** જાતિનો સમાવેશ થઈગયેલ હોવાથી ક્રમાંકઃ૯૪ પર **ગવલી** જાતિનો સમાવેશ સરકારશ્રીના નિર્ણય સાથે સુસંગત ન હતો અને પુનઃરાવર્તનનો દોષ થયેલ હતો.

વંચાણે લીધેલ ક્રમાંકઃ૪ પરના પત્રથી નિયામકશ્રી વિ.જા.ક ખાતા ધ્વારા રાજ્યના સામાજીક શૈક્ષણિક પછાતવર્ગની યાદી ક્રમાંકઃ૯૪ પરની **'ગવલી'** જાતિ અંગે સ્પષ્ટતા કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

ઠ રા વઃ-

પુખ્ત વિચારણાના અંતે રાજ્ય સરકારને એમ જણાયુ છે કે એકજ જાતિનો સામાજીક શૈક્ષણિક પછાત વર્ગની યાદીમાં પુર્નરાવર્તનના દોષથી સમાવેશ થયેલ હોવાથી ઉપર ક્કમાંકઃ ૨ પર વંચાણે લીધેલ તા.૨૫-૭-૯૪ ના ઠરાવના પરિશિષ્ટમાં ક્રમાંકઃ૯૪ પર દર્શાવેલ અને આમુખમાં ક્રમાંકઃ૩ પર દર્શાવેલ તા.૬/૬/૦૫ ના ઠરાવથી બહાર પાડેલ યાદીના ક્રમાંકઃ૯૪ પરની **'ગવલી'** જાતિને આથી રદ કરવામાં આવે છે. જ્યારે ઉપર ક્રમાંકઃ૧ પર વંચાણે લીધેલ તા.૧/૪/૭૮ ના ઠરાવ ની યાદીના ક્રમાંકઃ૪૭ પર સમાવેશ કરેલ" **ગવલી (હિન્દુ)**" જાતિ યથાવત રહે છે.

સામાજીક શૈક્ષણિક પછાતવર્ગની યાદીના ક્રમાંકઃ૯૪ ઉપરની ગવલી જાતિને રદ કરાતાં વંચાણે લીધેલ ક્રમાંકઃ૩ પરના ઠરાવના પરિશિષ્ટ-૧ માં જણાવેલ કુલ-૧૩૭ જાતિના બદલે ૧૩૬ જાતિ ગણવાની રહેશે. અને તે રીતે છેલ્લી સ્થિતિ મુજબ ૧૪૪ સામાજીક શૈક્ષણિક પછાતવર્ગની કુલ જાતિઓ રહે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(બકુલ શાહ)**
ઉપસચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,
-માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
-માન.મુ.મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
-સર્વે મા.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર

788

—સર્વે મા.રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર
—સચિવાલયના સર્વે વિભાગો સચિવાલય, ગાંધીનગર
—એકાઉન્ટન્ટ જનરલ ગુજરાત રાજય અમદાવાદ/રાજકોટ
—સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ ગાંધીનગર
—સચિવશ્રી ગુજરાત જાહેર સેવા આયોગ, લાલદરવાજા અમદાવાદ
—સચિવશ્રી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર
—સચિવશ્રી ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
—નિયામકશ્રી વિ.જા.ક ખાતુ ગાંધીનગર
—સર્વે સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા.ક)
—કમિશ્નરશ્રી માહિતી ખાતુ ગાંધીનગર
—સિલેકટ ફાઈલ.

ટીઆરવી–૧૬૫–૧૬૭

(3).

સામાજીક શૈક્ષણિક પછાતવર્ગની યાદી
ક્રમાંકઃ૯૪ ઉપર જણાવેલ 'ગવલી'જાતિને રદ
કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
**ઠરાવ ક્રમાંકઃસશપ-૧૧૯૪-૧૪૧૧-અ**
સચિવાલય, ગાંધીનગર
**તારીખ :- ૪/૨/૨૦૦૯**

**<u>વંચાણે લીધાઃ-</u>**

(૧) મજૂર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧/૪/૭૮ ના ઠરાવ ક્રમાંકઃબીસીઆર-૧૦૭૮-૧૩૭૩૪-હ

(૨) સમાજ કલ્યાણ વિભાગના તા.૨૫-૭-૯૪ ના ઠરાવ ક્રમાંકઃસશપ-૧૧૯૪-૧૪૧૧-અ

(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૬/૬/૦૫ ના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૪૦૨/૧૪૪૪/અ

(૪) નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતાના તા.૧૬/૯/૦૮ ના પત્ર ક્રમાંકઃવિજાક/જન/૦૮-૦૯/૪૯૬૭

**<u>પ્રસ્તાવનાઃ-</u>**

વંચાણે લીધેલ ક્રમાંકઃ (૧) ના ઠરાવથી બક્ષીકમિશનના અહેવાલના આધારે રાજ્યની સામાજીક શૈક્ષણિક પછાત વર્ગની કુલ-૮૨ જાતિઓની યાદી બહાર પાડવામાં આવેલ જેના ક્રમાંકઃ ૪૭ પર **ગવલી (હિન્દું)** જાતિનો સમાવેશ કરવામાં આવેલ. માંડલ પંચે ગુજરાત રાજ્ય માટે જાહેર કરેલ અન્ય પછાત વર્ગોની યાદી તથા જુના સૌરાષ્ટ્ર રાજ્ય વખતે પરિક્ષિત લાલ મજમુદાર ના અધ્યક્ષપણા હેઠળ રચાયેલી સમિતિ ધ્વારા જાહેર થયેલ અન્ય પછાત વર્ગોની જે જાતિઓનો એકયા બીજા કારણસર મજુર, સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક ૧ ના ઠરાવમાં સમાવેશ કરવામાં આવેલ ન હતો, તેવી જાતિઓનો વંચાણે લીધેલ ક્રમાંકઃ૨ પરના ઠરાવથી રાજ્યના સામાજીક શૈક્ષણિક પછાત વર્ગની યાદીમાં ક્રમાંકઃ૮૩ થી ૧૨૧ પર

ઉમેરો કરવામાં આવેલ જેના ક્રમાંકઃ૯૪ પર **ગવલી** જાતિનો સમાવેશ કરવામાં આવેલ હતો,સરકારશ્રીના નિર્ણય મુજબ બક્ષીપંચ ધ્વારા જાહેર થયેલી અને ક્રમાંકઃ૧ પરના ઠરાવમાં સમાવિષ્ટ ન થતી આવી જાતિઓનો સમાવેશ કરવાનો થતો હતો આમુખમાં દર્શાવેલ ક્રમાંકઃ૧ પર દર્શાવેલ ઠરાવમાં જ્યારે ક્રમાંકઃ૪૭ પર **ગવલી(હિન્દુ)** જાતિનો સમાવેશ થઈગયેલ હોવાથી ક્રમાંકઃ૯૪ પર **ગવલી** જાતિનો સમાવેશ સરકારશ્રીના નિર્ણય સાથે સુસંગત ન હતો અને પુનઃરાવર્તનનો દોષ થયેલ હતો.

વંચાણે લીધેલ ક્રમાંકઃ૪ પરના પત્રથી નિયામકશ્રી વિ.જા.ક ખાતા ધ્વારા રાજયના સામાજીક શૈક્ષણિક પછાતવર્ગની યાદી ક્રમાંકઃ૯૪ પરની **'ગવલી'** જાતિ અંગે સ્પષ્ટતા કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

<u>ઠ રા વઃ</u>–

પુખ્ત વિચારણાના અંતે રાજય સરકારને એમ જણાયુ છે કે એકજ જાતિનો સામાજીક શૈક્ષણિક પછાત વર્ગની યાદીમાં પુર્નરાવર્તનના દોષથી સમાવેશ થયેલ હોવાથી ઉપર ક્રકમાંકઃ ૨ પર વંચાણે લીધેલ તા.૨૫–૭–૯૪ ના ઠરાવના પરિશિષ્ટમાં ક્રમાંકઃ૯૪ પર દર્શાવેલ અને આમુખમાં ક્રમાંકઃ૩ પર દર્શાવેલ તા.૬/૬/૦૫ ના ઠરાવથી બહાર પાડેલ યાદીના ક્રમાંકઃ૯૪ પરની **'ગવલી'** જાતિને આથી રદ કરવામાં આવે છે. જયારે ઉપર ક્રમાંકઃ૧ પર વંચાણે લીધેલ તા.૧/૪/૭૮ ના ઠરાવ ની યાદીના ક્રમાંકઃ૪૭ પર સમાવેશ કરેલ**" ગવલી (હિન્દુ)"** જાતિ યથાવત રહે છે.

સામાજીક શૈક્ષણિક પછાતવર્ગની યાદીના ક્રમાંકઃ૯૪ ઉપરની ગવલી જાતિને રદ કરાતાં વંચાણે લીધેલ ક્રમાંકઃ૩ પરના ઠરાવના પરિશિષ્ટ–૧ માં જણાવેલ કુલ–૧૩૭ જાતિના બદલે ૧૩૬ જાતિ ગણવાની રહેશે. અને તે રીતે છેલ્લી સ્થિતિ મુજબ ૧૪૪ સામાજીક શૈક્ષણિક પછાતવર્ગની કુલ જાતિઓ રહે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(બકુલ શાહ)**
ઉપસચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,
–માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
–માન.મુ.મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
–સર્વે મા.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર

791

–સર્વે મા.રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર
–સચિવાલયના સર્વે વિભાગો સચિવાલય, ગાંધીનગર
–એકાઉન્ટન્ટ જનરલ ગુજરાત રાજ્ય અમદાવાદ/રાજકોટ
–સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ ગાંધીનગર
–સચિવશ્રી ગુજરાત જાહેર સેવા આયોગ, લાલદરવાજા અમદાવાદ
–સચિવશ્રી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર
–સચિવશ્રી ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
–નિયામકશ્રી વિ.જા.ક ખાતુ ગાંધીનગર
–સર્વે સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા.ક)
–કમિશ્નરશ્રી માહિતી ખાતુ ગાંધીનગર
–સિલેકટ ફાઈલ.

ટીઆરવી–૧૬૫–૧૬૭

(3).